Patient Name: ____________________

MRN: ____________________

Date of Birth: ____________________
or Affix Label

# *CARE EVERYWHERE®* ઑપ્ટ-આઉટ/ઑપ્ટ-ઇન વિનંતી

જ્યારે અન્ય હોસ્પિટલો, ચિકિત્સકો અને આરોગ્ય સંભાળ પ્રદાતાઓને તમારી સારવાર કરવાની જરૂર હોય છે ત્યારે ફેડરલ અને રાજ્ય કાયદાઓ આરોગ્ય સંભાળ પ્રદાતાઓને તમારી લેખિત પરવાનગી વિના, તમારી મોટાભાગની આરોગ્ય માહિતી જાહેર કરવાની મંજૂરી આપે છે. તમારી સારવાર કરતા ચિકિત્સકો વચ્ચે તમારી સ્વાસ્થ્ય માહિતીની વહેંચણી તમારી સંભાળના સાતત્ય અને સંકલનમાં મદદરૂપ થાય છે અને ડુપ્લિકેટ પરીક્ષણો ઘટાડે તેમ બની શકે છે.

અત્યાર સુધી, અમે ટેલિફોન, મેઇલ અથવા ફેસિમાઇલનો ઉપયોગ કરીને તબીબી રેકોર્ડની આ વહેંચણી કરતા હતા. નવી ટેક્નોલોજી હવે અમને આરોગ્યની માહિતીને ઈલેક્ટ્રોનિક રીતે સુરક્ષિત રીતે વહેંચવાની મંજૂરી આપે છે. આ માહિતીને ઈલેક્ટ્રોનિક રીતે વહેંચવાની એક પદ્ધતિને *Care Everywhere*, જે સહભાગી આરોગ્ય સંભાળ પ્રદાતાઓ માટે ઉપલબ્ધ છે જેઓ Advocate Aurora Health (AAH.) જેવી જ ઈલેક્ટ્રોનિક મેડિકલ રેકોર્ડ સિસ્ટમનો ઉપયોગ કરે છે.

તમારી મોટાભાગની AAH સ્વાસ્થ્ય માહિતી *Care Everywhere* માં આપમેળે સામેલ થઈ જાય છે, જ્યાં સુધી તમે તેને બાકાત રાખવા માટે લેખિતમાં વિનંતી કરતાં નથી. *Care Everywhere* માંથી તમારી સ્વાસ્થ્ય માહિતીને બાકાત રખાવવા માટે તમારે આ ઑપ્ટ-આઉટ ફોરમ પર સહી કરવી જરૂરી છે. *Care Everywhere* દ્વારા ઉપલબ્ધ ન હોય તેવી માહિતીના ઉદાહરણોમાં માદક પદાર્થના ઉપયોગની સારવાર, જાતીય હુમલો/ફોરેન્સિક રેકોર્ડ્સ અને વર્તણૂકલક્ષી સ્વાસ્થ્ય સારવારના રેકોર્ડનો સમાવેશ થાય છે.

જો, ભવિષ્યમાં, તમે તમારો નાપસંદ ઑપ્ટ-આઉટ કરવાનો નિર્ણય બદલવા માંગો છો, તો તમારે નવું ફોર્મ પૂર્ણ કરવું અને તેને તમારા સ્થાનિક AAH હેલ્થ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ (મેડિકલ રેકોર્ડ્સ)ને મોકલવું જરૂરી છે. તમારી વિનંતી પ્રાપ્ત થયાના 5 કામકાજી દિવસોમાં પ્રક્રિયા કરવામાં આવશે.

કૃપા કરી પ્રિન્ટ કરો.

| પ્રથમ નામ (*First Name*) | મધ્યનામ (*MI*) | અટક (*Last Name*) |
|---|---|---|
| જન્મની તારીખ (મમ/દિદિ/વવવવ) (*Date of Birth (mm/dd/yyyy)*) | | દિવસ દરમિયાનનો ફોન (*Daytime Phone*) |

ઑપ્ટ-આઉટ કરવાનો વિકલ્પ પસંદ કરીને ધ્યાન રાખો કે તમે AAH માંથી Care Everywhere **અને** AAH ઇલેક્ટ્રોનિક રેકોર્ડનો ઉપયોગ કરવા માટે કરારબદ્ધ અન્ય તમામ સંસ્થાઓ માટે ઑપ્ટ-આઉટ થઈ રહ્યા છો.

☐ **ઑપ્ટ-આઉટ:** હું વિનંતી કરું છું કે મારા Advocate Aurora સ્વાસ્થ્ય માહિતીને *Care Everywhere* માંથી બાકાત રાખવામાં આવે. હું સમજું છું કે આનો અર્થ એ અર્થ થાય છે કે અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાઓ *Care Everywhere* દ્વારા મારી સ્વાસ્થ્ય માહિતી મેળવી શકશે નહીં સિવાય કે માહિતી પ્રકાશિત કરવા માટે પહેલેથી જ પગલાં લેવામાં આવ્યા હોય અને **તેઓ હજુ પણ અન્ય પદ્ધતિઓ દ્વારા તેને મેળવે તેમ બની શકતું હોય.** *(Opt Out)*

☐ **મારા ઑપ્ટ-આઉટને ઉલટાવો:** મેં અગાઉ *Care Everywhere* માંથી ઑપ્ટ-આઉટ કરવાનું અને મારી Advocate Aurora Health (AAH) સ્વાસ્થ્ય માહિતીને અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને ઈલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ કરવાની મંજૂરી નહીં આપવાનું પસંદ કર્યું હતું. હું હવે ભાગ લેવાનું પસંદ કરી રહ્યો છું (ઑપ્ટ-ઇન) અને મારી AAH સ્વાસ્થ્ય માહિતી ઈલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ કરવાની મંજૂરી આપું છું. આ બૉક્સને ચેક કરીને અને આ ફોર્મ પર સહી કરીને, હું Care Everywhere માંથી મારી સ્વાસ્થ્ય માહિતીને બાકાત રાખવાની મારી અગાઉની વિનંતીને ઉલટાવી રહ્યો છું. *(Reverse my Opt Out)*

તારીખ: __________ સમય: __________ રોગી/અધિકૃત રોગી/કાનૂની પ્રતિનિધિની સહી: ______________________________
*(Date)* *(Time)* *(Patient/Authorized Representative Signature)*

અધિકૃત પ્રતિનિધિ હોય, તો રોગી સાથેનો સંબંધ: ______________________________
*(If Authorized Representative, Relationship to Patient)*

પ્રતિનિધિનું નામ પ્રિન્ટ કરો: ______________________________
*(Print Representative Name)*

## *CARE EVERYWHERE®*: માહિતીને ઈલેક્ટ્રોનિક રીતે શેર કરવી

જ્યારે અન્ય હોસ્પિટલો, ચિકિત્સકો અને આરોગ્ય સંભાળ પ્રદાતાઓને તમારી સારવાર કરવાની જરૂર હોય છે ત્યારે રાજ્ય અને ફેડરલ કાયદાઓ આરોગ્ય સંભાળ પ્રદાતાઓને તમારી લેખિત પરવાનગી વિના, તમારી આરોગ્ય માહિતી જાહેર કરવાની મંજૂરી આપે છે. આ વિનિમય તમારી સંભાળનું સંકલન કરવામાં મદદરૂપ છે. અત્યાર સુધી, આ વહેંચણી ટેલિફોન, મેઇલ અથવા ફેસિમાઇલનો ઉપયોગ કરીને કરવામાં આવતી હતી. આપણી પાસે હવે એવી ટેક્નોલોજી છે જે આપણને ઈલેક્ટ્રોનિક અને સુરક્ષિત રીતે સ્વાસ્થ્ય માહિતી વહેંચવાની મંજૂરી આપે છે. તેને Care Everywhere કહેવાય છે.

## વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

**પ્રશ્ન: Care Everywhere શું છે?**

**જવાબ:** Care Everywhere વિવિધ સંસ્થાઓના તબીબો અને નર્સોને રોગીની સ્વાસ્થ્ય માહિતીની ઈલેક્ટ્રોનિક રીતે આપ-લે કરવાની મંજૂરી આપે છે. તે અમારા ઈલેક્ટ્રોનિક તબીબી રેકોર્ડની અંદરનું એક સાધન છે જેનો ઉપયોગ અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાઓ સાથે રોગીની આરોગ્યની માહિતી સુરક્ષિત રીતે વહેંચણી કરવા માટે થાય છે. Care Everywhere સંસ્થાઓમાં ભાગ લેતી વખતે સંભાળ મેળવનાર કોઈપણ Care Everywhereથી લાભ મેળવી શકે છે. ભલે તમે મુસાફરી કરી રહ્યા હો અને કટોકટીની તબીબી સહાયની જરૂર હોય, અથવા કદાચ તમે સમુદાયમાં અન્ય આરોગ્યસંભાળ પ્રદાતાઓની મુલાકાત લો, Care Everywhere આ પ્રદાતાઓને તમારી આરોગ્ય સ્થિતિ વિશે વધુ માહિતી ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે જેથી તેઓ તમારી તબીબી જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરી શકે.

**પ્રશ્ન: કયા પ્રકારની માહિતી વહેંચણી કરવામાં આવે છે/ઉપલબ્ધ છે?**

**જવાબ:** રોગીની સ્વાસ્થ્ય માહિતીમાં ઈલેક્ટ્રોનિક આરોગ્ય રેકોર્ડમાંની મોટાભાગની માહિતીનો સમાવેશ થાય છે. તેમાં કેટલીક ખૂબ જ ચોક્કસ પ્રકારની માહિતી છે, જોકે, તેને આ રીતે વહેંચણી કરવામાં આવતી નથી.

**પ્રશ્ન: Care Everywhere દ્વારા કયા પ્રકારની માહિતી વહેંચવામાં આવતી નથી/ઉપલબ્ધ નથી?**

**જવાબ:** Care Everywhere દ્વારા વહેંચણી કરવામાં નહીં આવે તેવી માહિતીમાં સામેલ છે:

- વર્તણૂક સંબંધી સ્વાસ્થ્ય સારવાર
- માદક પદાર્થોના સેવન કાર્યક્રમની સેવાઓ
- જાતીય શોષણ/ફોરેન્સિક રેકોર્ડ્સ

વધુમાં, તે અસંભવિત છે કે અમે આ જ રીતે અન્ય દેશો સાથે રોગીના રેકોર્ડની ઈલેક્ટ્રોનિક રીતે આપલે કરી શકીએ. આ આપલે માટેની પ્રક્રિયામાં તમારી માહિતીને જારી કરવા માટે રોગીની સહી કરેલ અધિકૃતતાની જરૂર પડશે. Care Everywhere દ્વારા ઉપલબ્ધ ન હોય તેવા રેકોર્ડ્સની સુવિધાથી અલગથી વિનંતી કરવાની જરૂર પડશે.

**પ્રશ્ન: Care Everywhereમાં મારી માહિતી કોણ જોઈ શકે છે?**

**જવાબ:** તમારી આરોગ્ય સંભાળ મુલાકાત દરમિયાન ફક્ત તમારી સંભાળમાં સામેલ આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો જ તમારી માહિતી જોઈ શકે છે. આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો તમારી સંભાળ અને સારવારનું સંકલન કરવા માટે જ તમારી માહિતીનો ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન: હું Care Everywhere માટે કેવી રીતે સાઇન અપ કરી શકું?**

**જવાબ:** Care Everywhere માટે કોઈ સાઇન અપ પ્રક્રિયા નથી. સારવારના હેતુઓ માટે રોગીની માહિતીની વહેંચણીને તબીબી માહિતીના ઉપયોગની મંજૂરી છે.

**પ્રશ્ન: જો હું Care Everywhereમાં ભાગ લેવા માંગતો નથી તો શું?**

**જવાબ:** નોંધણી પ્રક્રિયા દરમિયાન, તમારી પેશન્ટ એક્સેસ ટીમના સભ્યને ચેતવણી આપો કે તમે Care Everywhere ઑપ્ટ-આઉટ વિનંતી પૂર્ણ કરવા માગો છો. જો તમે કોઈપણ સમયે તમારી Care Everywhere ચૂંટણીમાં ફેરફાર/ઉલટાવવાનું પસંદ કરો છો, તો ખાલી નાપસંદ કરવાની વિનંતી પૂર્ણ કરો અને તમારા સ્થાનિક Advocate Aurora Health Information Management (મેડિકલ રેકોર્ડ્સ) વિભાગને મોકલો.

**પ્રશ્ન: Care Everywhere માટે મારી પસંદગીમાં ફેરફારને પ્રભાવિત થવામાં કેટલો સમય લાગે છે?**

**જવાબ:** તમારા Care Everywhere વિકલ્પને અપડેટ કરવામાં 5 દિવસ જેટલો સમય લાગી શકે છે.

**પ્રશ્ન: જો હું Care Everywhere નાપસંદ કરું, તો શું તેનો અર્થ એ છે કે અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાઓ મારી લેખિત સંમતિ વિના મારી સ્વાસ્થ્ય માહિતી મેળવી શકતા નથી?**

**જવાબ:** ના, જ્યાં સુધી તમારી સંભાળ સાથે સંકળાયેલા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાઓ દ્વારા વિનંતી કરવામાં આવી હોય, ત્યાં સુધી રાજ્ય અને ફેડરલ કાયદા હજુ પણ તમારી લેખિત સંમતિ વિના, તમારી મોટાભાગની સ્વાસ્થ્ય માહિતીને ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે. આ માહિતી ટેલિફોન, મેઇલ અથવા ફેસિમાઇલ દ્વારા વહેંચવામાં આવશે.

*Care Everywhereએ એપિક સિસ્ટમ્સ કોર્પોરેશનનો ટ્રેડમાર્ક છે.*